# Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)માં વિશેષ શિક્ષણ:: Individual Education Plans (IEP)
(વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ)

## માતાપિતાઓ માટે માર્ગદર્શિકા

### વ્યક્તિગત શિક્ષણ યોજના શું છે?

યોજના તમારા બાળકના ભણતરને સહારો આપવાનું Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)માટેનું સાધન છે. અમે તમારા બાળકના શોખો, શક્તિઓ, જરૂરિયાતો અને લક્ષ્યોને સમજવાની ઇચ્છા રાખીએ છીએ. અમારે માટે કોઇ પણ બાળક વિષે એ જાણવુ મહત્વનું છે. વિશેષ ભણતરની જરૂરિયાતવાળા બાળકો માટે, આ માહિતી વ્યક્તિગત શિક્ષણ યોજનામાં સમાવિષ્ટ છે. યોજના અમને વિશેષ શિક્ષણના કાર્યક્રમો કે સેવાઓ જેની તમારા બાળકને સફળ થવા માટે જરૂર છે તે પ્રદાન કરવામાં મદદ કરે છે.

### યોજના કઇ રીતે વિકસાવવામાં આવે છે?

તમારા બાળકની શાળાનું વિશેષ શિક્ષણ જૂથ નીચેનાની મદદથી, યોજના લખે છે:

- તમારા બાળકના શિક્ષકો
- અન્ય નિષ્ણાતો, જેવાકે ગાઇડન્સ કાઉન્સેલર્સ (સલાહ આપનારા), વિશેષ શિક્ષણના કર્મચારીઓ જે અગાઉ આ પદ્ધતિમાં આવૃત્ત હતા, આચાર્ય અને સમુદાયની કચેરીઓ કે સેવાઓના કર્મચારીઓ.
- અન્ય માહિતી, જેવી કે ભૂતકાળની વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP), તમારા બાળકની ઓન્ટેરિઓ વિદ્યાર્થી નોંધણી, અથવા આકારણીઓ (જેવી કે તમારા બાળકનું શિક્ષણ, સ્વાસ્થ્ય કે વર્તન).
- તમારું પરિવાર. એક માતા કે પિતા તરીકે, શ્રેષ્ઠ યોજનાના નિર્માણમાં તમે એક અનિવાર્ય ભાગ ભજવો છો. તમે જે માહિતી પ્રદાન કરો છો તે શાળાને તમારા બાળકનું વ્યક્તિત્વ, વિકાસ, ભણતર અને પસંદગીઓને સમજવામાં મદદ કરે છે. તમારું બાળક પણ યોજનાને આકાર આપવામાં સમાવિષ્ટ થઇ શકે છે (અને ૧૬ વર્ષની વય પછી અભિપ્રાય આપવાનો અધિકાર ધરાવે છે). જ્યારે વિદ્યાર્થીઓ શૈક્ષણિક લક્ષ્યોની રચના કરવા જેવી પદ્ધતિના ભાગરૂપ હોય છે, ત્યારે તેઓ સામાન્યતઃ તેમના પોતાના ભણતરની વધારે જવાબદારી ઉપાડે છે.

તમારા બાળકના વિશેષ શિક્ષણની શરૂઆતના 30 શાળા દિવસની અંદર યોજનાનું નિર્માણ થઇ જવુ જોઇએ. યોજનાની એક નકલ તમને મળશે, અને બીજી તમારા બાળકની ઓન્ટેરિઓ વિદ્યાર્થી નોંધણીમાં જશે.

### યોજના શું સમાવિષ્ટ કરે છે?

શિક્ષકો અને સહારો આપનારા કર્મચારીઓ, તમારા બાળકની જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરવા, અને તેના કે તેણીના વિકાસની દેખરેખ રાખવા માટે શિક્ષણ યોજનાનો ઉપયોગ કરે છે. યોજનામાં નીચે મુજબની માહિતીનો સમાવેશ થાય છે:

- અપવાદ અને નિયુક્તિ

- તમારા બાળકના ભણતરની જરૂરિયાતો, કુશળતાઓ, ભણતરની શૈલીઓ અને આકારણીઓ.

- વિષયો, કોર્સિસ (અભ્યાસક્રમો) અથવા કાર્યક્રમો, જ્યાં તમારું બાળક વિશેષ માર્ગદર્શન, સહારો અને/અથવા સેવાઓ મેળવી રહ્યુ હોય.

- તમારા બાળકને મદદ કરવા માટે જરૂરી સહારો અને વ્યૂહરચનાઓના પ્રકારો.

- લક્ષ્યો અને અપેક્ષાઓ, જે અમને જણાવે છે કે તમારું બાળક શું મેળવવા સમર્થ હોવું જોઇએ, અને અમને વર્ષના આરંભથી અંત સુધી ભણતરને માપવામાં મદદ કરે છે.

- ૧૪ વર્ષના કે તેનાથી મોટા બાળકો માટે યોજના, તેમને તેમના જીવનના હવે પછીને તબક્કામાં ગોઠવાઇ જવામાં મદદ કરવા માટે, જેવા કે હાઇ સ્કૂલ, અન્ય વિદ્યાભ્યાસો, કામ કરવાનું સ્થળ, અથવા સમુદાયમાં રહેવા માટે.

મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે,પ્રગતિ તેમના હેવાલ પત્રમાં નોંધવામાં આવશે. તમારા બાળકના કાર્યક્રમ પર આધારિત, તમે કદાચ વ્યક્તિગત શિક્ષણ યોજનામાં પણ પ્રગતિ નોંધાયેલી જોશો.

**યોજના બદલાઇ શકે છે?**

આખા વર્ષ દરમિયાન, તમારા બાળકના શિક્ષકો સફળ ભણતરની વ્યૂહરચનાઓ સીધી શિક્ષણ યોજનામાં નોંધશે, અને વ્યૂહરચનાઓને સુધારી પણ શકે છે. એ બધુ પ્રક્રિયાના ભાગરૂપ છે.

યોજના શાળાના એક વર્ષ માટે લક્ષ્યો માંડે છે, અને અમે તેનું વાર્ષિક ઔપચારિક નિરીક્ષણ કરીને સુધારીએ છીએ. અમે જરૂરિયાત પ્રમાણે ફેરફારો કરશું, જેમકે નવા લક્ષ્યોનું નિર્માણ કરવું જો તમારા બાળકનું ભણતર ધારવા કરતા વધારે સારું કે ધીમું ચાલી રહ્યું હોય.

**તમને વધુ માહિતી ક્યાંથી મળી શકે?**

વ્યક્તિગત શિક્ષણ યોજના અને વિશેષ શિક્ષણ વિષે વધુ જાણવા માટે, મહેરબાની કરીને :

- તમારા બાળકના શિક્ષક કે આચાર્ય સાથે વાતચીત કરો.

- તમારા બાળકની શાળામાં વિશેષ શિક્ષણના શિક્ષકનો સંપર્ક કરો.

- Peel District School Board website (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)ની વેબસાઇટ, www.peelschools.org/speced ની મુલાકાત લો.

- Ontario Ministry of Education ઓન્ટેરિઓ મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનની વેબસાઇટ www.edu.gov.on.ca, ની મુલાકાત લઇને elementary and secondary education, પર જઇને, પછી special education ની લિંક્સને અનુસરો.

- Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)ને 905-890-1099 (૯૦૫-૮૯૦-૧૦૯૯) અથવા 1-800-668-1146, extension 2345. (૧-૮૦૦-૬૬૮-૧૧૪૬ એક્સટેન્શન ૨૩૪૫) પર ફોન કરો.